GMERS GENERAL HOSPITAL, VADNAGAR, DIST. MEHSANA

Kharvad Medan, Sipor Road, Vadnagar, Dist. Mehsana, Gujarat - 384355
Email : ms-gmers-vadnagar@gujarat.gov.in
Website : www.gmersmchvadnagar.com
Tel.No. : 02761-222331

બીજો પ્રયત્ન

4527

ક્રમાંક:GMERS/જહોવ/મેડી.ઑક્સીજન/બોટલ/જા.ની/ /૨૦૨૬
તબીબી અધિક્ષકશ્રી ની કચેરી
જી.એમ.ઇ.આર.એસ. જનરલ હોસ્પિટલ,
ખારવડ મેદાન, સીપોર રોડ, વડનગર – ૩૮૪૩૫૫, જી. મહેસાણા
ઈમેલ: ms-gmers-vadnagar@gujarat.gov.in
ફોન નં: ૦૨૭૬૧-૨૨૨૩૩૧
તા:- ૦૪/૦૬/૨૦૨૬

જાહેર નિવિદા

અત્રેની જી.એમ.ઇ.આર.એસ. જનરલ હોસ્પિટલ, વડનગર ખાતે ઇન્ડોર દર્દીઓ, આઇ.સી.યુ. (ICU), ઓપરેશન થિયેટર તેમજ ઇમરજન્સી વિભાગો માટે **"મેડિકલ ગેસ સિલિન્ડર રીફિલિંગ અને સપ્લાય"** માટે પ્રતિષ્ઠિત ઉત્પાદકો/એજન્સીઓ/સપ્લાયર્સ પાસેથી આ કામકાજ અંગેના ભાવ પત્રકો RPAD/સ્પીડ – પોસ્ટ/કુરિયર ના માધ્યમથી એક વર્ષ :- ૨૦૨૬-૨૭ માટે ઉપરની વિગતે મેડિકલ ઑક્સીજન ગેસનો વ્યવસાય કરતી રસ ધરાવતી પેઢીઓ પાસેથી નીચે જણાવ્યા મુજબની બોલીઓ અને શરતોને આધીન રહી સીલબંધ કવરમાં નીચે મુજબની સેવાઓના ભાવ મંગાવવામાં આવે છે.

સદરહું ભાવો સીલબંધ કવરમાં તા: ૧૦/૦૬/૨૦૨૬ સુધીમાં કચેરી સમય સુધીમાં આ સંસ્થાના ઉપરોક્ત સરનામે RPAD અથવા તો સ્પીડ પોસ્ટ/ કુરિયરથી મળી રહે તે રીતે મોકલી આપવાના રહેશે. આ અંગેના ભાવો ખુલ્લા કવર કે ફેબફમાં સ્વીકારવામાં આવશે નહીં
સીલબંધ કવરની ઉપર સ્પષ્ટ અક્ષરે "મેડિકલ ઑક્સીજન ગેસ રીફિલિંગના ભાવ" એમ લખવાનું રહેશે.

સપ્લાય કરવાના મેડિકલ ગેસની વિગત

નિવિદાકારે નીચે દર્શાવેલ વિગતો માટે પોતાના સ્પર્ધાત્મક ભાવો ફરજિયાતપણે નીચે દર્શાવેલા નમૂનાફપ કોષ્ટક મુજબ જ (તમામ કરવેરા અને ટ્રાન્સપોર્ટેશન/લેબર ચાર્જ સહિત હોસ્પિટલ ડીલીવરી મુજબ) રજૂ કરવાના રહેશે.

ક્રમ	મેડિકલ ઑક્સીજન ગેસ રીફિલિંગ બોટલ ટાઈપ	એક નંગ ઑક્સીજન ગેસ રીફિલિંગ બોટલનો ભાવ (₹.)	GST RATE (%) (AS PER GOVT. RULES)	એક નંગ રીફિલિંગ બોટલનો GST સાથેનો કુલ ભાવ (₹.)
૧	જમ્બો ઑક્સીજન ગેસ 47 LTR (D TYPE) 7 CU.MT			
૨	બી ટાઈપ મેડિકલ ઑક્સીજન ગેસ 10 LTR (B TYPE) 1.5 CU.MT			
3	નાઇટ્રસ ઓક્સાઈડ બોટલ 5 LTR (A-TYPE) 1 CU.MT			
૪	કાર્બન ડાયોક્સાઈડ (Co2 Gas) B TYPE - 9 KG			

સામાન્ય બોલીઓ અને શરતો નીચે મુજબ છે.

1. ફુડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન (FDCA) દ્વારા આપવામાં આવેલ માન્ય મેડિકલ ગેસ મેન્યુફેક્ચરિંગ/ સપ્લાય લાયકાતનું પ્રમાણપત્ર ની નકલ રજૂ કરવાની રહેશે.

2. પિસો (PESO - Petroleum and Explosives Safety Organization) દ્વારા મેડિકલ ગેસ રીફિલિંગ અને સિલિન્ડર સ્ટોરેજ માટેનું માન્ય લાયસન્સની નકલ રજૂ કરવાની રહેશે.
3. એજન્સીનું GST રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર અને પાન કાર્ડ (PAN Card) ની નકલ રજૂ કરવાની રહેશે.
4. સરકારી હોસ્પિટલ/મેડિકલ કોલેજ/ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓમાં છેલ્લા 3 વર્ષમાં મેડિકલ ઑક્સીજન સપ્લાય કર્યાનો ઓછામાં ઓછો ૧ વર્ષનો સંતોષકારક કાર્ય અનુભવ સર્ટિફિકેટની નકલ રજૂ કરવાની રહેશે.
5. મેડિકલ ઑક્સીજન એ જીવનરક્ષક કટોકટીની સેવા હોઈ સફળ એજન્સીએ હોસ્પિટલ ખાતે ચોવીસે કલાક (૨૪ કલાક) અને જાહેર રજાઓના દિવસોમાં પણ ઑક્સીજનનો જથ્થો પૂરો પાડવો પડશે.
6. હોસ્પિટલના ઑક્સીજન વિભાગ દ્વારા ટેલિફોનિક કે લેખિત વરદી (Order) આપ્યાના **ઓછામાં ઓછા ૦૨ થી ૦૪ કલાકની અંદર** રીફિલ થયેલ સિલિન્ડરો હોસ્પિટલ પ્રીમાઇસીસમાં પહોંચતા કરવાના રહેશે.
7. એજન્સી દ્વારા રીફિલ કરીને મોકલવામાં આવતા તમામ સિલિન્ડરો નિયમાનુસાર હાઇડ્રોસ્ટેટિક ટેસ્ટ થયેલા અને PESO ની ગાઇડલાઇન મુજબ હોવા જોઈએ. કોઈ પણ ક્ષતિગ્રસ્ત કે લીકેજવાળું સિલિન્ડર સ્વીકારવામાં આવશે નહીં.
8. ખાલી સિલિન્ડર ફેક્ટરીએ લઈ જવા તેમજ રીફિલ થયેલા ભરેલા સિલિન્ડર હોસ્પિટલના મેનિફોલ્ડ રૂમ/ઑક્સીજન ગોડાઉન સુધી ચડાવવા-ઉતારવાની (Loading-Unloading) તમામ જવાબદારી અને મજૂરી ખર્ચ જે-તે એજન્સીનો રહેશે. હોસ્પિટલ કોઈ વધારાનું મજૂરી ભથ્થું ચૂકવશે નહીં. મંજૂર થયેલા ભાવો સમગ્ર કોન્ટ્રાક્ટ ગાળા (૧ વર્ષ) દરમિયાન સ્થિર રહેશે.
9. બજારમાં ગેસના ભાવો અથવા ટ્રાન્સપોર્ટેશન (ડીઝલ/પેટ્રોલ) ના ભાવો વધવાના કારણે ભાવવધારાની કોઈ પણ માગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
10. જો એજન્સીની સેવા સંતોષકારક જણાશે નહીં, તો હોસ્પિટલ વહીવટી તંત્ર કોઈ પણ પૂર્વ નોટિસ આપ્યા વિના કોન્ટ્રાક્ટ તાત્કાલિક અસરથી રદ કરવા હકદાર રહેશે.
11. **આ જાહેર નિવિદામાં કોઈ પણ કારણ આપ્યા વિના મંજૂર કે ના-મંજૂર કરવાનો તેમજ તે અંગેનો આખરી નિર્ણય લેવાનો સંપૂર્ણ અધિકાર 'અત્રેની સ્થાનિક ખરીદ સમિતિ, જી.એમ.ઇ.આર.એસ. જનરલ હોસ્પિટલ, વડનગર' ને અબાધિત રહેશે, જે જાહેર નિવિદા ભરનાર પાર્ટીને સંપૂર્ણપણે બંધનકર્તા રહેશે.**
12. રસ ધરાવતી પાર્ટીએ પેઢીના અસલ લેટર હેડ ઉપર સહી-સિક્કા સાથે ભાવપત્રક આપવાના રહેશે. ઝેરોક્ષ પત્ર કે નકલો પર આપેલા ભાવો માન્ય રહેશે નહીં.
13. સંસ્થા ખાતે આ જાહેર નિવિદાની આખર તારીખ અને નિયત સમય બાદ આવેલા ભાવપત્રકો કોઈ પણ સંજોગોમાં માન્ય રહેશે નહીં.
14. **જે-તે પેઢી દ્વારા રજૂ કરેલા ભાવોમાં તમામ કરવેરા, GST, ટ્રાન્સપોર્ટેશન, તેમજ હોસ્પિટલના મેનિફોલ્ડ રૂમ સુધી બોટલ ચડાવવા-ઉતારવાની મજૂરી (Loading-Unloading) વિગેરે સહિતના ઓલ-ઇન્ક્લુઝિવ (All-inclusive) ભાવ રજૂ કરવાના રહેશે.**
15. **ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ** હેઠળનું ગુમાસ્તા સર્ટિફિકેટ ની નકલ રજૂ કરવાની રહેશે.
16. મેડિકલ ઑક્સીજન ગેસના સપ્લાયના બીલો સંપૂર્ણ ચકાસણી સાથે ૦૩ **(ત્રણ) કોપીમાં દર મહિનાની ૦૧ થી ૦૫ તારીખ સુધીમાં** અત્રેની કચેરીએ રજૂ કરવાના રહેશે.
17. જે-તે પેઢીની સેવા સમગ્ર વર્ષ દરમિયાન સંતોષકારક જણાયેથી અત્રેની સ્થાનિક ખરીદ સમિતિની મંજૂરી મેળવીને જ વર્ક ઓર્ડરની મુદત લંબાવવામાં આવશે.

આપનો વિશ્વાસુ

તબીબી અધિક્ષક
જી.એમ.ઇ.આર.એસ.જનરલ હોસ્પિટલ
વડનગર

જાહેરાત પ્રસિદ્ધિ સ્થાન (માહિતી સારું).

(૧) સંસ્થાના સત્તાવાર નોટિસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવા સારું.

(૨) સિસ્ટમ મેનેજરશ્રી, જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજ, વડનગર તરફ વેબસાઈટ gmersmchvadnagar.com પર અપલોડ કરવા સારું. ,

(3) વડનગર નગરપાલિકા નોટિસ બોર્ડ, (૪) તાલુકા પંચાયત વડનગર નોટિસ બોર્ડ , (૫) જાહેર પુસ્તકાલય, વડનગર નોટિસ બોર્ડ.